શનિવાર, 10 જાન્યુઆરી, 2026 પોષ વદ સાતમ | વડોદરા થી દર શુક્રવારે પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર | ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.

## જાહેર ચેતવણી

આજથી પાંચ દિવસ સુધી કોઈએ પણ **પોતાના નાના બાળકોને હોન્ડા કે બાઈક ની આગળ બેસાડવા નહીં,** તમે પણ તમારું બાઈક કે એકટીવા ધીમે ચલાવો જેથી કરીને પતંગની દોરીથી બચી શકાય.

તેમજ તમારા **ગળામાં ગરમ મફલર કે રૂમાલ બાંધો** જેથી કરીને દોરી ગળાને કાપી ના શકે તો આ મેસેજ તમે તમારા સગા સંબંધીઓને પણ મોકલજો.


દૈનિક પલ્સ સાથે આગળ રહો....

# દૈનિક પલ્સ

મલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ❋ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ❋ RNI NO : GJGUJ/25/A1447 ❋ Vist : www.dailypulse.org.in

રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ❋ Follow : @dailypulsenews24 ❋ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ❋ કિંમત : મફત


## વડોદરાના યુવકનો મ્યાનમારના જોબ સ્કેમ અને મોતના મુખમાંથી આબાદ છુટકારો, વતન વાપસી.



આંતરરાષ્ટ્રીય જોબ સ્કેમ અને માનવ તસ્કરીનું એવું વરવું રૂપ સામે આવ્યું છે જે સાંભળીને કોઈપણ રુંવાડા ઉભા થઈ જાય. વડોદરાના સાવલીનો યુવક ગુંજન શાહ જ્યારે આજે વડોદરા એરપોર્ટ પહોંચ્યો ત્યારે તેણે મ્યાનમારના જંગલોમાં ચાલી રહેલા 'મોતના ખેલ'નો પર્દાફાશ કર્યો. ડેટા એન્ટ્રીની નોકરીના નામે ગયેલો આ યુવક વાસ્તવમાં ચાઈનીઝ સાયબર માફિયાઓના સકંજામાં ફસાયો હતો.

ગુંજને જે આપવીતી જણાવી તે ચોંકાવનારી છે. તેને ૭૦ થી ૭૫ હજારની સેલેરીની લાલચ આપી પહેલા થાઈલેન્ડ બોલાવાયો અને ત્યાંથી જંગલના રસ્તે ગુપ્ત રીતે મ્યાનમારની સરહદમાં ધકેલી દેવાયો. ત્યાં ચાઈનીઝ ગેંગ દ્વારા યુવાનો પાસે ગેરકાયદેસર સ્કેમિંગ અને સાયબર ફ્રોડ કરાવવામાં આવે છે. જો કોઈ યુવક આ કામ કરવાની ના પાડે અથવા વતન પરત ફરવાની વાત કરે, તો તેની પાસે ૫ લાખ રૂપિયાની માંગણી કરવામાં આવે છે. ગુંજને જણાવ્યું કે ત્યાં બે સેનાઓ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે અને તેવામાં જીવ બચાવવો મુશ્કેલ હતો. તે અને તેના સાથીઓ NGOમાં શરણાર્થી બનીને જીવતા હતા.

ગુજરાતના આણંદ અને અમદાવાદના ૧૯ યુવાનો હજુ પણ ત્યાં શરણાર્થી છાવણીઓમાં આશરો લઈ રહ્યા છે. સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે ફેબ્રુઆરી મહિનાથી ૫ ભારતીયો મ્યાનમારની જેલમાં સડી રહ્યા છે, જેમની કોઈ ભાળ લેનાર નથી. ગુંજનના મતે, આ આખા રેકેટમાં સ્થાનિક એજન્ટો મોટી કમિશન લઈને યુવાનોને બલીનો બકરો બનાવી રહ્યા છે. ચાઈનીઝ 'બોસ'ના નકલી નામ અને ગુંડાઓના ભય વચ્ચે ભારતીય યુવાનો નરક ભોગવી રહ્યા છે.

ચોંકાવનારી વાત એ છે કે આ સ્કેમ હવે મ્યાનમારથી કંબોડિયા સુધી ફેલાયું છે. કેટલાક યુવાનો તો વધારે પૈસાની લાલચમાં પોતાના 'બોસ' સાથે કંબોડિયા પણ ગયા છે. ગુંજનના જણાવ્યા મુજબ, સ્કેમિંગ સેન્ટરોમાં ચાઈનીઝ માફિયાઓનું રાજ છે, પરંતુ તેમને શિકાર પૂરા પાડવામાં આપણા જ લોકો એટલે કે ભારતીય એજન્ટો મુખ્ય ભૂમિકા ભજવે છે. આ ઘટના સાબિત કરે છે કે ગુજરાતમાં બેરોજગારીનો ફાયદો ઉઠાવી માનવ તસ્કરીનું મોટું નેટવર્ક સક્રિય છે. ગુંજને સરકાર, ઇન્ડિયન આર્મી અને એરફોર્સનો આભાર માન્યો છે, પરંતુ તેની આંખોમાં હજુ પણ તે ૫ ભારતીયો માટે ચિંતા છે જે હજુ જેલના સળિયા પાછળ છે. શું સરકાર આ એજન્ટો સામે કડક કાર્યવાહી કરશે કે પછી વધુ યુવાનો આ મોતના સ્કેમમાં હોમાતા રહેશે?

**ઊંચા પગારની લાલચે મ્યાનમારના નરકમાં ફસાયેલો વડોદરાનો ગુંજન શાહ આખરે મોતના મુખમાંથી પરત ફર્યો છે. ડેટા એન્ટ્રીના નામે યુવાનોને થાઈલેન્ડ લઈ જઈ જંગલ માર્ગે મ્યાનમાર વેચી દેવાના મસમોટા આંતરરાષ્ટ્રીય માનવ તસ્કરી રેકેટનો પર્દાફાશ થયો છે.**

## વડોદરામાં કરૂણા અભિયાન-2026: ઘાયલ પક્ષીઓ બચાવ

**દૈનિક પલ્સ સમાચાર:** મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં પક્ષીઓની રક્ષા માટે કરૂણા અભિયાન ચલાવવામાં આવે છે, જેમાં વડોદરા વન વિભાગે આ વર્ષે વિશેષ તૈયારીઓ કરી છે. ‘જીવો, જીવવા દો અને જીવાડો’ના પવિત્ર મંત્ર સાથે વડોદરામાં 10 થી 20 જાન્યુઆરી સુધી પક્ષી બચાવો ઝુંબેશ ચાલશે. ભૂંતડીઝાપા, પંડ્યા બ્રિજ અને સયાજીબાગ રેસ્ક્યૂ સેન્ટરમાં વેટરનરી ડોક્ટરોની ફોજ ખડેપગે રહેશે.

વન વિભાગના આંકડાઓ મુજબ, છેલ્લા પાંચ વર્ષમાં રેસ્ક્યૂ કરાયેલા 6 હજારથી વધુ પક્ષીઓમાં કબૂતર ઉપરાંત બાજ, સમડી, ફાલ્કન અને વોટર બર્ડ્સ જેવા શિડ્યુલ બર્ડ્સનો પણ સમાવેશ થાય છે. આ વર્ષે દુનિયાના સૌથી ઝડપી પક્ષી એવા શકરોબાજની સુરક્ષા માટે પણ વિશેષ ધ્યાન અપાયું છે. 500 થી વધુ સ્વયંસેવકો અને સંસ્થાઓના સહયોગથી તૈયાર કરાયેલા 40 કેન્દ્રો શહેરના ખૂણે ખૂણેથી ઘાયલ પક્ષીઓને સારવાર કેન્દ્ર સુધી પહોંચાડશે. સયાજીબાગમાં ઊભા કરાયેલા 3 અદ્યતન ઓપરેશન થિયેટર પક્ષીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. વહીવટી તંત્રની આ કાર્યક્ષમતા અને જીવદયા પ્રેમીઓના સહયોગથી વડોદરામાં ઉત્તરાયણ પર્વ અબોલ જીવો માટે ઘાતક નહીં પણ જીવનદાયી બની રહેશે.




**વડોદરામાં 10-20 જાન્યુઆરી સુધી કરૂણા અભિયાન. 40 કેન્દ્રો અને 3 ઓપરેશન થિયેટર સાથે પક્ષીઓની સારવાર.**

## પાલિકાનું કારસ્તાન: એક તળાવના નામે 68 લાખનો ધુમાડો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં રસ્તાઓના ઠેકાણા નથી, પાણીની સમસ્યા વિકરાળ છે, પરંતુ કૃત્રિમ તળાવ બનાવવાના નામે અધિકારીઓના ખિસ્સા ગરમ કરવાની રમત પૂરજોશમાં ચાલી રહી છે. ગણેશ ઉત્સવ અને દશામા પર્વમાં મૂર્તિ વિસર્જન માટે પાલિકાએ જે ૧૦ કૃત્રિમ તળાવ બનાવ્યા હતા, તેમાં બીલ ગામના તળાવનો ખર્ચ હવે શહેરભરમાં ચર્ચાનો વિષય બન્યો છે. ૬૭ લાખના અંદાજ સામે ૬૮.૩૫ લાખનું બિલ રજૂ કરીને કોન્ટ્રાક્ટરે પાલિકાની તિજોરી પર પંજો માર્યો છે.



આશ્ચર્યની વાત એ છે કે બીલ ગામના આ તળાવ માટે પ્લાસ્ટિક પાથરવા, ખોદકામ અને બોરિંગ જેવી પ્રાથમિક સુવિધાઓ પાછળ જ લાખોનો ધુમાડો કરી દેવાયો છે. પાલિકાના એન્જિનિયરો અને શાસકોએ કયા આધારે અંદાજિત ભાવ કરતા ૧૧ ટકા વધુ રકમ ચૂકવવાની તૈયારી બતાવી તે રહસ્ય છે. જ્યારે શહેરના અન્ય વિસ્તારો જેવા કે નવલખી, મકરપુરા કે ભાયલીમાં પણ સમાન કામગીરી થઈ હોય, ત્યારે બીલ ગામમાં જ આટલો મોટો ખર્ચ કેમ? 'આકસ્મિક ખર્ચ' ની કલમનો દુરુપયોગ કરીને ટેન્ડર વગર કે ઉંચા ભાવે કામો પધરાવી દેવાની આ વર્ષો જૂની મોડસ ઓપરેન્ડી ફરી જીવંત થઈ છે. સૌથી મોટો સવાલ સ્થાયી સમિતિની કાર્યપદ્ધતિ સામે છે. આટલી મોટી રકમના બિલને મંજૂરી માટે મૂકવાને બદલે માત્ર જાણકારી માટે રજૂ કરવું એ લોકશાહીના મૂલ્યોની ઐસીતૈસી કરવા જેવું છે. જનતાના ટેક્સના પૈસા જ્યારે ખાડા ખોદવામાં 'સ્વાહા' થતા હોય ત્યારે વિપક્ષનું મૌન પણ અનેક શંકા જન્માવે છે. આ કોઈ શ્રદ્ધાનો વિષય નથી, પરંતુ શ્રદ્ધાના નામે સરકારી બાબુઓએ રચેલું ભ્રષ્ટાચારનું માળખું છે. બીલ ગામના આ ૬૮ લાખના તળાવમાં વિસર્જન તો મૂર્તિઓનું થયું, પણ ખરેખર ડૂબ મરી છે પાલિકાની નૈતિકતા.

## વડોપેક્ષ–2026: વડોદરામાં દુર્લભ ટપાલ ટિકિટોનું ભવ્ય પ્રદર્શન

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના સાંસ્કૃતિક ઈતિહાસમાં આજે વધુ એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. ભારતીય ટપાલ વિભાગ દ્વારા આયોજિત 'વડોપેક્ષ-2026' ટપાલ ટિકિટ પ્રદર્શને શહેરના કલાપ્રેમીઓમાં નવો ઉત્સાહ જગાડ્યો છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી દિનેશ કુમાર શર્માના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં પીઠોરા ચિત્રકલાના વિશેષ કવરનું વિમોચન કરી આદિવાસી કળાને વૈશ્વિક ઓળખ આપવાનો સ્તુત્ય પ્રયાસ કરાયો છે. પદ્મશ્રી પરેશભાઈ રાઠવાએ આ પહેલને આદિવાસી સમાજની આસ્થાનું સન્માન ગણાવ્યું હતું.

આ પ્રદર્શન માત્ર ટિકિટોનો સંગ્રહ નથી, પણ ઇતિહાસની સફર છે. જેમાં ગાયકવાડી શાસન સમયની સ્ટેશનરી, જૂના ચેક અને રેવેન્યુ ટિકિટો જેવી દુર્લભ સામગ્રી પ્રદર્શિત કરાઈ છે. ખાસ કરીને ઇન્દ્રવદન મહેતાનો ૨૫ વર્ષનો સંગ્રહ યુવાનો માટે પ્રેરણારૂપ બન્યો છે. સંગ્રહની આ કળા કેવી રીતે આવકનું સાધન બની શકે તેનું તેઓ જીવંત ઉદાહરણ છે. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ ભાર મૂક્યો હતો કે ડિજિટલ યુગમાં પણ ટપાલ ટિકિટો આપણો સાચો દસ્તાવેજી વારસો છે. વડોદરાના વિદ્યાર્થીઓ અને ઇતિહાસકારો માટે આ પ્રદર્શન એક અનમોલ અવસર સાબિત થઈ રહ્યું છે. રાવપુરા પોસ્ટ ઓફિસના ઐતિહાસિક મકાન પર સ્પેશિયલ કવરની જાહેરાતે વડોદરાના વારસા પ્રેમીઓમાં હર્ષની લાગણી ફેલાવી છે.



**વડોદરામાં 'વડોપેક્ષ-2026' નો પ્રારંભ. પીઠોરા ચિત્રકલા પર વિશેષ કવર લોન્ચ અને દુર્લભ ટિકિટોનું આકર્ષણ.**

## વડોદરા: 450 બાળકોના સપના સાકાર, સ્માર્ટ વોચની ભેટ




**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના બાળકોના સ્મિત માટે યુનાઇટેડ વે ઓફ બરોડાએ ફરી એકવાર સંવેદનશીલતા દાખવી છે. સંસ્થા દ્વારા ૮ જાન્યુઆરીએ ૪૫૦ બાળકો માટે ખાસ કાર્યક્રમ યોજી મનપસંદ ભેટ સોગાતોનું વિતરણ કરાયું હતું. ડાયરેક્ટર નીલમ આચાર્યે જણાવ્યું કે, છેલ્લા ૮ વર્ષથી આ પરંપરા ચાલે છે. સયાજીગંજ ઝોનની ૨૨ સરકારી શાળાઓના બાળકોએ અગાઉ કરેલી માંગ મુજબ સ્માર્ટ વોચ અને બેગ જેવી ગિફ્ટ અપાઈ હતી. મેયર પિન્કીબેન સોનીએ સંસ્થાના આ આધુનિક અને સેવાભાવી અભિગમને બિરદાવી બાળકોના ઉજ્જવળ ભવિષ્યની કામના કરી હતી.

## અકોટા બ્રિજ પર પોલીસનો ફિયાસ્કો: જાગૃતિ રેલીમાં જનતા હેરાન

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા પોલીસના આયોજન વગરના કાર્યક્રમો હવે જનતા માટે માથાનો દુખાવો બની રહ્યા છે. ગુરુવારે સાંજે જ્યારે હજારો લોકો ઓફિસથી ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે પોલીસે 'માર્ગ સલામતી' શીખવવા માટે અકોટા બ્રિજ પર કલાકો સુધી ટ્રાફિક જામ સર્જ્યો હતો. પોલીસની બાઇક રેલી માટે અકોટા બ્રિજને બંને તરફથી બંધ કરી દેવાતા વાહનચાલકો ૧ કિલોમીટર સુધી ટ્રાફિકમાં અટવાઈ પડ્યા હતા.

આશ્ચર્યની વાત એ છે કે, જે પોલીસ ટ્રાફિક સુધારવાની વાતો કરે છે, તેમણે જ ડાયવર્ઝન આપતા પહેલા શહેરની અન્ય રસ્તાઓની સ્થિતિ ધ્યાને ન લીધી. અલકાપુરી ગરનાળું બંધ હોવાથી પહેલેથી જ ટ્રાફિકનું ભારણ જેતલપુર બ્રિજ પર હતું, તેમાં અકોટા બ્રિજ બંધ થતા બળતામાં ઘી હોમાયું હતું. ટ્રાફિક નિયમન કરનારો સ્ટાફ ઉચ્ચ અધિકારીઓ સાથે રેલીમાં વ્યસ્ત હતો અને રસ્તા પર સામાન્ય જનતા પીસાઈ રહી હતી. હેલ્મેટ વિતરણ અને વીડિયો લોન્ચિંગના નામે થયેલા આ દેખાડામાં હજારો લોકો કલાક સુધી અટવાયા હતા. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ દાવો કર્યો હતો કે અગવડ નહીં પડે, પણ હકીકતમાં અરાજકતા ચરમસીમાએ હતી. આ કેવી માર્ગ સલામતી કે જે રસ્તા પર અકસ્માત અને આક્રોશની સ્થિતિ ઉભી કરે?



**રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ નિમિત્તે પોલીસની રેલીએ અકોટા બ્રિજ પર સર્જ્યો ટ્રાફિકનો પહાડ. જનતા કલાકો સુધી અટવાઈ.**

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

# વડોદરા રાજકારણમાં ભૂકંપ: ધારાસભ્યોના પત્ર બાદ તંત્ર સામે રોષ

## વડોદરામાં લેટર બોમ્બ: ધારાસભ્યો અને તંત્ર વચ્ચે જંગ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના રાજકારણમાં છેલ્લા ૨૪ કલાકથી જે 'લેટર વોર' ચાલી રહ્યું છે તેણે સરકાર અને વહીવટી તંત્ર વચ્ચેના તિરાડને જગજાહેર કરી દીધી છે. જિલ્લાના પાંચ ધારાસભ્યોએ મુખ્યમંત્રીને લેખિતમાં ફરિયાદ કરી છે કે અધિકારીઓ વિકાસના કામોમાં રોડા નાખી રહ્યા છે. આ પત્ર બાદ જાણે કે વડોદરા ભાજપમાં બે ફાંટા પડી ગયા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

એક તરફ શહેરના ધારાસભ્યો મૌન સેવી રહ્યા છે, તો બીજી તરફ સાંસદ હેમાંગ જોષી આખી ઘટનાથી અજાણ હોવાનો ડોળ કરી રહ્યા છે. સાંસદે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે કોઈ પણ પ્રતિનિધિ પોતાની વેદના વ્યક્ત કરી શકે છે, પરંતુ સાથે જ તેમણે વડોદરામાં 'સારા સમન્વય' ના દાવા પણ કર્યા. જો સમન્વય આટલો જ સારો હોય, તો ધારાસભ્યોને લેટર બોમ્બ ફોડવાની જરૂર કેમ પડી? આ વિરોધાભાસી નિવેદનો ભાજપની આંતરિક ખેંચતાણ છતી કરે છે.

કોંગ્રેસના નેતા જસપાલસિંહ પઢીયારે આ તક ઝડપી લેતા આકરા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું કે ધારાસભ્યોમાં કરોડરજ્જુનો અભાવ છે. જે અધિકારીઓ ધારાસભ્યોનું માનતા નથી, તેમની સામે લડત આપવાને બદલે માત્ર કાગળો લખીને સંતોષ માનવામાં આવે છે. પઢીયારે ધારાસભ્યોને લપડાક મારતા કહ્યું કે તેઓને ૨૦૨૭ની ટિકિટ કપાવાનો ભય છે, માટે તેઓ ખુલીને લડી શકતા નથી. સામે પક્ષે સાંસદ હેમાંગ જોષીએ વિપક્ષને 'સ્ક્રિપ્ટ વાંચનારા' કહીને ટીકા કરી છે, પરંતુ તે ધારાસભ્યોની રજૂઆતને નકારી શક્યા નથી. વડોદરાના વહીવટી તંત્રમાં અધિકારીઓ હાવી થઈ ગયા છે અને નેતાઓ માત્ર પ્રેક્ષક બનીને જોઈ રહ્યા હોય તેવું ચિત્ર ઊપસી રહ્યું છે. આ પત્ર એ વાતનો પુરાવો છે કે 'ડબલ એન્જિન' ની સરકારમાં વડોદરાનું વહીવટી એન્જિન પાટા પરથી ઉતરી ગયું છે.




**વડોદરાના ધારાસભ્યોએ CMને પત્ર લખી તંત્રની નિષ્ફળતા છતી કરી. સાંસદની અજ્ઞાનતા અને વિપક્ષના આકરા પ્રહારો.**

# મોરબી મહિલા દુષ્કર્મ સેવાભાવી સંસ્થા

## મોરબીમાં નરાધમો બેફામ: સેવાભાવી સંસ્થામાં ઘૂસી આચર્યું દુષ્કર્મ

**દૈનિક પલ્સ સમાચાર:** મોરબીમાં બનેલી દુષ્કર્મની આ ઘટનાએ પોલીસ તંત્ર અને સામાજિક સુરક્ષા સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. એક તરફ આપણે નારી શક્તિની વાતો કરીએ છીએ, તો બીજી તરફ માનસિક રીતે અક્ષમ અને નિરાધાર મહિલાઓ પણ નરાધમોથી બચી શકતી નથી. શહેરની એક પ્રતિષ્ઠિત સેવાભાવી સંસ્થામાં ઘૂસીને હવસખોરોએ બે મહિલાઓને પોતાની પશુતાનો ભોગ બનાવી છે. ગુનાની પદ્ધતિ જોતા લાગે છે કે આરોપીઓ વિસ્તારથી જાણકાર હતા. દીવાલમાં બાકોરું પાડીને રૂમમાં પ્રવેશ કરવો એ દર્શાવે છે કે તેઓ કોઈ પણ ભોગે પોતાનો હેતુ સિદ્ધ કરવા માંગતા હતા. હાલ મોરબી પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ તપાસવાની તજવીજ હાથ ધરી છે. ફોરેન્સિક પુરાવાઓ એકત્ર કરવામાં આવી રહ્યા છે જેથી આરોપીઓ છટકી ન શકે. સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટના દૂષણને કારણે યુવાનોમાં વધતી વિકૃતિ આવા ગુનાઓ પાછળ જવાબદાર હોવાનું નિષ્ણાતો માની રહ્યા છે. આ ઘટનાએ માત્ર પોલીસ માટે જ નહીં પણ આખાય સભ્ય સમાજ માટે લાલબત્તી સમાન છે. શું આ નરાધમોને ક્યારેય કડક સજા મળશે કે પછી તપાસના કાગળો માત્ર ધૂળ ખાતા રહેશે?

**મોરબીમાં માનવતા મરી પરવારી હોય તેમ સેવાભાવી સંસ્થામાં આશ્રય લેતી બે માનસિક અસ્વસ્થ મહિલાઓ પર દુષ્કર્મ આચરવામાં આવ્યું છે. દીવાલમાં બાકોરું પાડી અંદર ઘૂસેલા નરાધમોએ અશક્ત મહિલાઓને હવસનો શિકાર બનાવી સમાજને કલંકિત કર્યો છે. પોલીસ તપાસ શરૂ.**

# સોની બજારમાં પ્રવેશબંધી: ઓળખના નામે ગ્રાહકોની સ્વતંત્રતા પર તરાપ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટના ઐતિહાસિક સોની બજારમાં સુરક્ષાના નામે લેવાયેલો 'ચહેરો બતાવો' નિયમ તંત્ર અને વેપારીઓની લાચારી છતી કરે છે. સોની બજાર અને ગોલ્ડ ડીલર એસોસિએશનના પ્રમુખ ભાયાભાઈ સહોલિયાએ જાહેરાત કરી છે કે માસ્ક, બુરખા કે રૂમાલ ઓઢીને આવતા લોકો હવે જોખમી લાગે છે, તેથી તેમને પ્રવેશ મળશે નહીં. આ નિર્ણય સાંભળવામાં સુરક્ષાની દૃષ્ટિએ સારો લાગે છે, પરંતુ ગ્રાહકોની નજરે જોતા તે તદ્દન અપમાનજનક અને ભેદભાવયુક્ત છે.

મુખ્ય મુદ્દો એ છે કે શું સીસીટીવી કેમેરા માત્ર શોભાના ગાંઠિયા છે? જો કરોડોના દાગીના વેચતા વેપારીઓ પાસે હાઈ-રિઝોલ્યુશન કેમેરા હોવા છતાં તેઓ ઓળખ નથી કરી શકતા, તો તે તેમની ટેકનિકલ નબળાઈ છે. માસ્ક પહેરવું એ આજે સ્વાસ્થ્યની જરૂરિયાત છે, જ્યારે બુરખો કે રૂમાલ એ અનેક મહિલાઓની પરંપરા છે. આ રીતે પ્રતિબંધ મૂકવો એ ગ્રાહકના 'રાઈટ ટુ પ્રાઈવસી' અને 'રાઈટ ટુ ડિગ્નિટી' પર સીધો હુમલો છે. ગુનેગારો તો ઓળખ છુપાવવા માટે નવી રીતો શોધી લેશે, પણ સામાન્ય નાગરિકો આ નિયમને કારણે બજારમાં આવવાનું ટાળશે. વેપારીઓનો આ નકારાત્મક અભિગમ રાજકોટની આતિથ્ય સત્કારની છબીને પણ ખરડે છે. પોલીસ કમિશનર કે વહીવટી તંત્ર દ્વારા આવું કોઈ સત્તાવાર જાહેરનામું નથી, છતાં વેપારીઓએ પોતાની 'સમાંતર સત્તા' ઉભી કરી દીધી છે. શું આનાથી સામાજિક વૈમનસ્ય નહીં વધે? સુરક્ષાના નામે લોકોના કપડાં અને સંસ્કારો પર વોચ રાખવી એ લોકશાહીમાં કેટલું યોગ્ય છે? જો કોઈ ગ્રાહક શરદી-ઉધરસને કારણે માસ્ક પહેરીને આવે તો શું તેને વેપારીઓ જબરદસ્તી માસ્ક ઉતરાવશે? અને જો તે ગ્રાહક માંદો હોય તો તેની તબીબી સ્થિતિનું જોખમ કોનું? આ નિર્ણય વ્યવહારિકતા કરતા હઠાગ્રહ વધુ હોય તેવું જણાય છે. ભવિષ્યમાં આને કારણે સોની બજારમાં ઉગ્ર દલીલો અને ઘર્ષણના દ્રશ્યો સર્જાય તો નવાઈ નહીં. દૈનિક પલ્સ સમાચાર પૂછે છે કે શું હવે સુરક્ષા માટે ગ્રાહકોએ પોતાનું આત્મસન્માન ગીરો મૂકવું પડશે? વેપારીઓએ સુરક્ષા વધારવી જોઈએ, ગ્રાહકોની આઝાદી ઘટાડવી જોઈએ નહીં.




# હિરાસર એરપોર્ટ પર દેખાડો: ૨ વર્ષની હાલાકી બાદ માંડ જાગ્યું તંત્ર

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટનું હિરાસર ઇન્ટરનેશનલ એરપોર્ટ ફરી એકવાર તેની 'પસંદગીલક્ષી' કાર્યપદ્ધતિને કારણે વિવાદમાં છે. કરોડો રૂપિયાના ખર્ચે વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેક્ટ તરીકે નિર્મિત આ એરપોર્ટ પર પ્રાથમિક સુવિધા માટે મુસાફરોને બે વર્ષ રાહ જોવી પડી. આશ્ચર્યની વાત એ છે કે, જે સુવિધા મુસાફરોની અનેક રજૂઆતો બાદ પણ નહોતી મળી, તે આગામી વાઇબ્રન્ટ સમિટના પગલે ગત તા. ૮ ના રોજ અચાનક કાર્યરત કરી દેવામાં આવી છે.

ટર્મિનલની સામે પાર્કિંગ વિસ્તારમાં નેસકોફી અને કોફીબારના આઉટલેટ્સ શરૂ તો થયા, પણ તેનો હેતુ મુસાફરોની સુવિધા કરતાં એરપોર્ટની છબી બચાવવાનો વધુ જણાય છે. અત્યાર સુધી ફ્લાઇટ મોડી પડે ત્યારે મુસાફરો પાણી માટે પણ ટળવળતા હતા. કેબ ટેક્સી એસોસિએશનની માંગણીઓ બે વર્ષથી અવગણવામાં આવી હતી. આ સાબિત કરે છે કે સરકારી તંત્ર માટે સામાન્ય કરદાતા કરતાં વીઆઈપી મહેમાનોની સગવડ વધુ મહત્વની છે. જો સમિટ ન હોત, તો શું મુસાફરોએ હજુ પણ ભૂખ્યા રહેવું પડ્યું હોત?

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**




# પીઠોરા ચિત્રકળા પર વિશેષ પોસ્ટ કવર વિમોચન

**છોટાઉદેપુર જિલ્લાના પીઠોરા શૈલીના પ્રસિદ્ધ ચિત્રકાર પદ્મશ્રી પરેશભાઈ રાઠવાએ આ અવસરે ગૌરવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, મધ્યપ્રદેશના સરહદી વિસ્તાર અને છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી સમાજ માટે ઇષ્ટદેવ તરીકે માનવામાં આવતા બાબા પીઠોરા તથા આદિવાસી સમાજના રીત-રિવાજ, સંસ્કૃતિ અને જીવનશૈલીનું જીવંત પ્રતિબિંબ પીઠોરા ચિત્રકળામાં જોવા મળે છે.**

**આ પરંપરાગત ચિત્રકળા મુખ્યત્વે ઘરની મુખ્ય દિવાલ પર દોરવામાં આવે છે અને હજારો વર્ષોથી આદિવાસી સમાજે તેને અમૂલ્ય વારસા રૂપે સંરક્ષિત રાખી છે. આજે ભારતીય ટપાલ વિભાગ અને ખાસ કરીને વડોદરા ડિવિઝન દ્વારા, પીઠોરા ચિત્રકળાને સમર્પિત વિશેષ પોસ્ટ કવરનું વિમોચન કરવામાં આવ્યું છે. જે આદિવાસી સમાજ અને કલાકારો માટે ગર્વની ક્ષણ છે. આ પહેલ દ્વારા પીઠોરા ચિત્રકળા દેશ-વિદેશ સુધી પહોંચશે અને આદિવાસી કળાને નવી ઓળખ મળશે એમ તેમણે ઉમેર્યું હતું.**

# નિવૃત્તિ બાદ સ્ટેમ્પ સંગ્રહ બન્યો આવક સ્ત્રોત

**આ પ્રદર્શનમાં ભાગ લીધેલા સંગ્રહકારોમાંથી એક શ્રી ઇન્દ્રવદન મહેતા વડોદરા જિલ્લાના દિવાળીપુરાના રહેવાસી છે. તેઓ નિવૃત્ત બેંક અધિકારી છે અને વર્ષ ૨૦૦૧થી ટપાલ ટીકીટ તથા સંબંધિત સામગ્રીના સંગ્રહમાં સક્રિય રીતે જોડાયેલા છે.**

**તેઓ પાસે ઐતિહાસિક મહત્વ ધરાવતા સ્ટેમ્પ પેપર, કવર, ઇનલેન્ડ કવર, સ્મૃતિ ચિઠ્ઠીઓ, યુઝ્ડ ચેક તથા ટ્રાવેલ ટીકીટોનો અલભ્ય અને મૂલ્યવાન સંગ્રહ ઉપલબ્ધ છે. નિવૃત્તિ બાદ પ્રવૃત્તિમય રહેવાના ઉદ્દેશથી તેમણે આ સંગ્રહને શોખ રૂપે શરૂ કર્યો હતો, જે આજે તેમના માટે આવકનું સાધન પણ બન્યું છે.**

**તેમણે પોતાના શોખ અંગે જણાવ્યું હતું કે, નિવૃત્તિ પછી ન્યુઝિલેન્ડની મુલાકાત દરમિયાન એક પ્રદર્શન જોઈને તેમને આ પ્રકારની સંગ્રહ પ્રવૃત્તિ પ્રત્યે રુચિ જાગી હતી. ત્યારબાદ તેઓ આ ક્ષેત્રમાં જોડાયા અને છેલ્લા લગભગ ૨૫ વર્ષથી ટપાલ ટીકીટો તથા સંબંધિત સામગ્રીનું ખરીદ-વેચાણ કરીને સક્રિય અને પ્રવૃત્તિમય જીવન જીવી રહ્યા છે.**

# જ્ઞાનેશ્વર પાટીલ: વડોદરા ક્રાઈમ બ્રાંચની મજબૂત કડી

**વડોદરામાં તપાસ અને બાતમીદારોના નેટવર્કની વાત નીકળે ત્યારે 'જ્ઞાનેશ્વર પાટીલ' એ માત્ર નામ નથી, પણ સફળતાનો પર્યાય છે. ૩૭ વર્ષની દીર્ઘકાલીન સેવામાં તેમણે ૨૬ વર્ષ ક્રાઈમ બ્રાંચમાં કોઈ પણ ફરિયાદ વગર વિતાવ્યા છે. તેમની કાર્યક્ષમતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય કે સીબીઆઈ જેવી એજન્સીને જે કામ અશક્ય લાગતું હતું, તે પાટીલે માત્ર બે કલાકમાં કરી બતાવ્યું. ૩૫૦ થી વધુ ઈનામો અને સરેરાશ વર્ષે ૯ પ્રશસ્તિપત્રો તેમની કર્તવ્યનિષ્ઠાના સાક્ષી છે.**

**તેમની યાદશક્તિ એટલી તીવ્ર છે કે કોઈપણ આરોપીનો વર્ષો જૂનો ઇતિહાસ તેઓ સેકન્ડોમાં જણાવી શકે છે. ફિલ્ડ વર્ક હોય કે જટિલ કાગળિયાની કામગીરી, ચાર-ચાર ઉચ્ચ અધિકારીઓના રાઈટર તરીકે કામ કરી ચૂકેલા પાટીલ સચોટ ચાર્જશીટ તૈયાર કરવામાં માહિર છે. એક જ વર્ષમાં ૫૨ વાહનો રિકવર કરવાની સિદ્ધિ તેમના નામે છે. બેસ્ટ બેકરી કેસ હોય કે ગોત્રીનો એનઆરઆઈ મહિલા હત્યા કેસ, પાટીલની સૂઝબૂઝ હંમેશા નિર્ણાયક રહી છે. નવી પેઢીને તેઓ એક જ શીખ આપે છે: વિસ્તાર પર પ્રભુત્વ રાખો, હ્યુમન ઇન્ટેલિજન્સ વધારો અને પ્રમાણિકતાથી કાર્ય કરો. પાટીલની આ સફર સાબિત કરે છે કે ટેકનોલોજીના યુગમાં પણ અનુભવ અને જમીની સંપર્ક જ સાચી તાકાત છે.**

# રાજકોટમાં પાર્કિંગ માફિયાઓનો આતંક: ૨૭ સાઈટ પર બારોબાર ઉઘરાણા

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટમાં નવી પાર્કિંગ પોલિસીના અમલ સાથે જ શહેરની ટ્રાફિક સમસ્યા ઉકેલાવાને બદલે ભ્રષ્ટાચાર અને લૂંટનો નવો માર્ગ ખૂલી ગયો છે. મનપા દ્વારા પાર્કિંગ ફીમાં જે કમરતોડ વધારો કરવામાં આવ્યો છે, તે હવે તંત્રને જ ભારે પડી રહ્યો છે. ૨૭ જેટલી પાર્કિંગ સાઈટ માટે વારંવાર રી-ટેન્ડર કરવા છતાં કોઈ કોન્ટ્રાક્ટર કામ રાખવા તૈયાર નથી. પરિણામે આ સરકારી જમીનો હવે ગેરકાયદે વસૂલાતનું કેન્દ્ર બની ગઈ છે.

સૌથી ગંભીર બાબત એ છે કે જ્યાં કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો નથી, ત્યાં પણ મનપાના ચાર્જ લિસ્ટના બોર્ડ હટાવવામાં આવ્યા નથી. આનો ફાયદો ઉઠાવીને સ્થાનિક તત્વોએ બારોબાર ઉઘરાણા શરૂ કરી દીધા છે. હોસ્પિટલ રોડ, બહુમાળી ભવન અને સોરઠિયાવાડી જેવા વ્યસ્ત વિસ્તારોમાં લોકો પાસેથી ધાક-ધમકી આપીને પાર્કિંગના પૈસા વસૂલાય છે. બીજી તરફ, ઊંચા ભાવને કારણે સામાન્ય જનતા રસ્તા પર ગમે ત્યાં વાહન પાર્ક કરવા મજબૂર બની છે, જેનાથી ટ્રાફિકની સમસ્યા વધુ વણસી છે.

જે કોન્ટ્રાક્ટરોએ અગાઉ કામ રાખ્યા હતા, તેઓ પણ વાહનોની ઘટતી સંખ્યાને કારણે નુકસાની વેઠી રહ્યા છે અને કામ છોડી રહ્યા છે. રાજકોટમાં કુલ ૧૦૦ થી વધુ પાર્કિંગ સાઈટમાંથી ૨૭ થી ૩૦ ટકા સાઈટ હાલ 'રામ ભરોસે' છે. મનપાના અધિકારીઓ ઓફિસોમાં બેસીને નવી પોલિસીના ગુણગાન ગાય છે, પણ શું તેમને રસ્તા પર થતી આ ખુલ્લી લૂંટ દેખાતી નથી? જનતાના પરસેવાના પૈસા જ્યારે ગેરકાયદે તત્વોના ખિસ્સામાં જાય ત્યારે શાસકોની નૈતિકતા પર સવાલ ઉઠવો સ્વાભાવિક છે. દૈનિક પલ્સ સમાચાર માંગ કરે છે કે મનપા સત્તાધીશો એસી કેબિનમાંથી બહાર નીકળે, સરપ્રાઈઝ ચેકિંગ કરે અને જનતાને આ પાર્કિંગ માફિયાઓથી છુટકારો અપાવે. જો તંત્ર પાસે વ્યવસ્થા સંભાળવાની ત્રેવડ ન હોય તો જનતાને ટેક્સના નામે હેરાન કરવાનું બંધ કરવું જોઈએ.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**રાજકોટમાં નવી પાર્કિંગ પોલિસી ફ્લોપ સાબિત થઈ છે. ૨૭ જેટલી સાઈટ પર કોઈ કોન્ટ્રાક્ટર ન હોવા છતાં અસામાજિક તત્વો બારોબાર ઉઘરાણા કરી રહ્યા છે. મનપાના પાપે જનતા લૂંટાઈ રહી છે અને તંત્ર માત્ર કાગળ પર ટેન્ડર રમી રહ્યું છે.**

## વડોદરા: કુલરના બોક્સમાં દારૂનું ચોરખાનું, 46 લાખનો માલ જપ્ત



**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર હોય તેમ બુટલેગરો અવનવી તરકીબો અજમાવી રહ્યા છે. વડોદરા LCB એ મંજુસર પાસે એક્સપ્રેસ-વે પરથી રૂ. ૪૬.૮૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જૂના ફાઈબર કુલરના બોક્સની આડમાં બનાવેલા ગુપ્ત ચોરખાનામાંથી પોલીસે ૭૦૬૮ બોટલ વિદેશી દારૂ શોધી કાઢ્યો હતો. રાજસ્થાનનો દેવારામ જાટ ઝડપાયો છે, જ્યારે પવન માલવ વોન્ટેડ છે. સવાલ એ છે કે કડક ચેકિંગના દાવા છતાં સરહદો વટાવીને આ દારૂ રાજ્યમાં પ્રવેશે છે કેવી રીતે?

**અહેવાલ : ગ્રામ્ય પોલીસ**

## વડોદરા: કુલરના બોક્સમાં દારૂનું ચોરખાનું, 46 લાખનો માલ જપ્ત



**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર હોય તેમ બુટલેગરો અવનવી તરકીબો અજમાવી રહ્યા છે. વડોદરા LCB એ મંજુસર પાસે એક્સપ્રેસ-વે પરથી રૂ. ૪૬.૮૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જૂના ફાઈબર કુલરના બોક્સની આડમાં બનાવેલા ગુપ્ત ચોરખાનામાંથી પોલીસે ૭૦૬૮ બોટલ વિદેશી દારૂ શોધી કાઢ્યો હતો. રાજસ્થાનનો દેવારામ જાટ ઝડપાયો છે, જ્યારે પવન માલવ વોન્ટેડ છે. સવાલ એ છે કે કડક ચેકિંગના દાવા છતાં સરહદો વટાવીને આ દારૂ રાજ્યમાં પ્રવેશે છે કેવી રીતે?

**અહેવાલ : સીટી પોલીસ**

## વડોદરા: ફતેગંજમાં ૧૭ વર્ષીય કોલેજિયનનો રહસ્યમય આપઘાત



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના નવાયાર્ડ વિસ્તારમાં આવેલ વિનાયક ટેનામેન્ટમાં રહેતા ૧૭ વર્ષીય જૈમિન મકવાણાએ રહસ્યમય સંજોગોમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી છે. ખાનગી કોલેજમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો જૈમિન કોલેજથી આવ્યા બાદ પંખાના હુકમાં લટકી ગયો હતો. ફતેગંજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સત્ય જાણવા માટે પોલીસે જૈમિનનો મોબાઈલ ફોન કબજે કરી FSLમાં તપાસ માટે મોકલાવ્યો છે.

**અહેવાલ : સીટી પોલીસ**

# રાજકોટમાં PM મોદી: વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનો પ્રારંભ

## PM મોદી રાજકોટમાં: વાઇબ્રન્ટ રિજનલ સમિટનું કરશે ઉદ્ઘાટન

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતના ઔદ્યોગિક ઇતિહાસમાં ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬નો દિવસ સુવર્ણ અક્ષરે લખાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજકોટની પવિત્ર ધરા પર પધારી સૌરાષ્ટ્ર અને કચ્છના સર્વાંગી વિકાસ માટે ‘વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ’ નું ઉદ્ઘાટન કરશે. વડાપ્રધાનના ૨૦૪૭ સુધીના ‘વિકસિત ભારત’ ના સંકલ્પને સાકાર કરવા માટે આ પરિષદ એક મજબૂત પાયો સાબિત થશે.

મારવાડી યુનિવર્સિટી ખાતે આયોજિત આ સમારોહમાં વડાપ્રધાન બપોરે ૧:૩૦ વાગ્યે અત્યાધુનિક ટ્રેડ શોનું ઉદ્ઘાટન કરશે, જે લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) માટે વૈશ્વિક મંચ પૂરું પાડશે. ત્યારબાદ, તેઓ ૧૨ જિલ્લાઓના પ્રતિનિધિઓ અને ઉદ્યોગપતિઓની વિશાળ સભાને સંબોધશે. આ પ્રસંગે વડાપ્રધાન ૧૪ નવી ગ્રીનફિલ્ડ સ્માર્ટ GIDC એસ્ટેટના વિકાસની ભેટ આપશે, જે રાજ્યમાં ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નવી ઊંચાઈએ લઈ જશે. રાજકોટમાં મેડિકલ ડિવાઇસ પાર્કનું ઉદ્ઘાટન તબીબી ઉપકરણોના ઉત્પાદનમાં ભારતને આત્મનિર્ભર બનાવવાની દિશામાં મોટું કદમ છે.

આ કોન્ફરન્સમાં જાપાન, દક્ષિણ કોરિયા, રવાન્ડા અને યુક્રેન જેવા સહયોગી દેશોની હાજરીથી સૌરાષ્ટ્ર-કચ્છના એન્જિનિયરિંગ, લોજિસ્ટિક્સ અને મત્સ્યઉદ્યોગને આંતરરાષ્ટ્રીય બજાર મળશે. ગ્રીન એનર્જી અને સ્ટાર્ટઅપ્સ પર વિશેષ ભાર મૂકીને પશ્ચિમ ગુજરાતના આર્થિક માળખાને મજબૂત બનાવવાનો આ પ્રયાસ પ્રશંસનીય છે. મહેસાણાની સફળતા બાદ રાજકોટનું આ બીજું ચરણ છે, જે બાદ સુરત અને વડોદરામાં પણ આ પ્રકારના આયોજનો થશે. વડાપ્રધાનની આ દૂરંદેશી નીતિઓને કારણે જ આજે ગુજરાત વિશ્વનું ‘ઇન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન’ બન્યું છે. રાજકોટનું વહીવટી તંત્ર અને નાગરિકો આ ભવ્ય આવકાર માટે થનગની રહ્યા છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

**૧૧ જાન્યુઆરીએ PM મોદી રાજકોટમાં ૧૪ નવી GIDC અને મેડિકલ ડિવાઇસ પાર્કનું ઉદ્ઘાટન કરશે.**

# રાજકોટ ઈમિટેશન જ્વેલરી ઉદ્યોગ વિકાસ

## રાજકોટ: એશિયાનું હબ બનતો ઇમિટેશન જ્વેલરી ઉદ્યોગ, ૫ લાખને રોજગારી

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટનો ઇમિટેશન જ્વેલરી ઉદ્યોગ આજે ‘મેક ઇન ઇન્ડિયા’ અભિયાનનું પ્રતીક બનીને ઉભર્યો છે. સોના-ચાંદીના ભાવ વધતા મધ્યમ વર્ગ માટે વરદાન સાબિત થયેલો આ ઉદ્યોગ ટેકનોલોજી અને કુશળતાના દમ પર એશિયામાં બીજા સ્થાને પહોંચ્યો છે. સંત કબીર રોડ અને શિવશક્તિનગર જેવા વિસ્તારોના હજારો યુનિટોમાં તૈયાર થતી કાનની બુટ્ટીઓથી લઈને બ્રાઈડલ સેટ્સ સુધીના આભૂષણોની માંગ આજે વિદેશોમાં પણ વધી છે.

આ ઉદ્યોગ માત્ર આર્થિક પ્રગતિ જ નહીં, પણ મોટા પાયે મહિલા સશક્તિકરણનું માધ્યમ બન્યો છે. અંદાજે ૩.૫ લાખ મહિલાઓ ઘરે બેઠા કામ કરીને આત્મનિર્ભર બની છે. રાજકોટનું વાર્ષિક રૂ. ૫૦૦ કરોડનું આ માર્કેટ હવે વૈશ્વિક માર્કેટિંગ અને બ્રાન્ડિંગ દ્વારા વધુ ઊંચાઈએ પહોંચવા પતૈયાર છે. સરકારના MSME પ્રોત્સાહન હેઠળ ગુણવત્તા પ્રમાણપત્રો અને ટેકનોલોજીના ઉપયોગથી આ ઉદ્યોગ આગામી સમયમાં નિકાસના નવા વિક્રમો સ્થાપશે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



# રાજકોટમાં વાઈબ્રન્ટનો દેખાડો: હોસ્પિટલ રોડ પર ખુલ્લી ગટરનો આતંક

દૈનિક પલ્સ સમાચાર: રાજકોટમાં આગામી દિવસોમાં વાઈબ્રન્ટ સમિટના ભવ્ય આયોજનને પગલે આખું શહેર શણગારાઈ રહ્યું છે, પણ આ શણગાર માત્ર 'લિપાપોતી' સાબિત થઈ રહ્યો છે. શહેરના હાર્દ સમાન હોસ્પિટલ રોડથી જામટાવર તરફના વળાંક પાસે ગટરના પાઈપ ભાંગી જતાં સર્જાયેલી જોખમી સ્થિતિ તંત્રની પોકળ વાતોની પોલ ખોલી રહી છે. અહીં ગટર લાઈનના ૨ થી ૩ પાઈપ તૂટીને અંદર બેસી ગયા છે, જેના કારણે ગટરનો મોટો ભાગ ખુલ્લો થઈ ગયો છે. આ સમસ્યા કોઈ અવાવરુ વિસ્તારની નથી, પણ શહેરના સૌથી વ્યસ્ત ગણાતા હોસ્પિટલ રોડની છે. વાહનચાલકો સતત ભયના ઓથાર હેઠળ અહીંથી પસાર થાય છે. જામટાવર તરફ આવતા રસ્તા પર બરાબર વળાંક પાસે જ આ જોખમ હોવાથી અકસ્માતની શક્યતા અનેકગણી વધી જાય છે. ટુ-વ્હીલર સવારો



માટે તો આ ખુલ્લી ગટર 'ડેથ ટ્રેપ' સમાન છે. રાત્રિના સમયે જો કોઈ વાહનચાલક આમાં ફસાય તો જીવલેણ ઈજા થઈ શકે છે. ચોંકાવનારી વાત એ છે કે, આસપાસના વિસ્તારોમાં બ્યુટીફિકેશન અને સફાઈના કામો ચાલી રહ્યા છે, પરંતુ અધિકારીઓની નજર આ જીવલેણ ગટર પર પડતી નથી. સ્થાનિકો અને વાહનચાલકોના મતે, સમિટના નામે કરવામાં આવતા ખર્ચ કરતા જો આવી જોખમી ગટરો રિપેર કરવામાં આવે તો તે વધુ ઉપયોગી સાબિત થશે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન માત્ર દેખાડાના કામોમાં વ્યસ્ત છે કે જનતાની સુરક્ષામાં પણ તેને કોઈ રસ છે? એવો સવાલ ઉઠી રહ્યો છે. જો આ ગટર તત્કાલ રિપેર નહીં કરવામાં આવે તો કોઈ મોટી દુર્ઘટના માટે જવાબદાર કોણ રહેશે? તેવો પ્રશ્ન દૈનિક પલ્સ સમાચાર તંત્રને પૂછી રહ્યું છે.

# રાજકોટ: વાઈબ્રન્ટ સમિટને પગલે મોરબી રોડ ૫ દિવસ બંધ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટમાં આગામી ૧૧ જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત અને મારવાડી યુનિવર્સિટી ખાતે આયોજિત ‘રીજનલ વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૬’ ને પગલે શહેરની ટ્રાફિક વ્યવસ્થામાં મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે. પોલીસ કમિશનરના જાહેરનામા મુજબ, ૧૧ થી ૧૫ જાન્યુઆરી સુધી મોરબી રોડ ભારે વાહનો માટે બંધ રહેશે.

વી.વી.આઈ.પી. મહેમાનોની સુરક્ષા અને ટ્રાફિક નિયમન માટે ઘંટેશ્વર ટી-પોઈન્ટ, બેડી ચોકડી અને માલિયાસણ ટી-પોઈન્ટથી ભારે વાહનોનો પ્રવેશ પ્રતિબંધિત કરાયો છે. જામનગર રોડથી અમદાવાદ કે મોરબી જવા માંગતા ભારે વાહનોએ હવે નવા રિંગ રોડથી ગોંડલ ચોકડી થઈને પસાર થવું પડશે. તેવી જ રીતે મોરબીથી આવતા વાહનોને મિતાણા અને વાંકાનેર થઈ અમદાવાદ હાઈવે તરફ ડાયવર્ટ કરાયા છે. ૧૩ થી ૧૫ જાન્યુઆરી દરમિયાન એક્ઝિબિશન જાહેર જનતા માટે ખુલ્લું હોવાથી ટ્રાફિક જામ ન થાય તે માટે આ સઘન આયોજન કરાયું છે. જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



# કઠલાલ મર્ડર મિસ્ટ્રી: પૈસાની લેતીદેતીમાં મહિલાની કરપીણ હત્યા

**દૈનિક પલ્સ સમાચાર:** કઠલાલ પોલીસ સ્ટેશનની હદમાં વાત્રક નદીના પટમાં થયેલી સનસનાટીભરી હત્યાનો ભેદ પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી નાખ્યો છે, પરંતુ આ ઘટનાએ માનવતાને ફરી એકવાર શર્મસાર કરી છે. સરખેજ ગામની સીમમાં ગૌચરના રસ્તા પરથી ભાવનાબેન પ્રતાપસિંહ ડાભીનો ગળું કપાયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર જિલ્લામાં ભયનો માહોલ ફેલાયો હતો.


તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી શૈલેષકુમાર રામસિંહ ચૌહાણે માત્ર પૈસાની લેતીદેતીના વિવાદમાં ભાવનાબેન સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી અને આવેશમાં આવી ચપ્પા વડે તેમના ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ક્રૂર હત્યા કરી હતી. ખેડા એસપી વિજય પટેલના માર્ગદર્શન હેઠળ એલસીબી અને કઠલાલ પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. ૨૮થી વધુ સીસીટીવી કેમેરા ફંગોળ્યા બાદ અને એફએસએલની મદદ લીધા પછી હત્યારો અંબાજીમાં છુપાયો હોવાનું ખુલ્યું હતું. પોલીસે તાત્કાલિક અંબાજી પહોંચી નરાધમ શૈલેષને દબોચી લીધો છે. કાયદાના રક્ષકોએ ગુનો તો ઉકેલ્યો, પણ સવાલ એ છે કે પૈસા માટે કોઈની જિંદગી છીનવી લેવાની હિંમત ગુનેગારોમાં ક્યાંથી આવે છે?

**રિપોર્ટ : પ્રકાશ વાઘેલા**



# રાજકોટ: જેતપુર, ધોરાજી અને ઉપલેટામાં ભૂકંપના આંચકા અનુભવાયા

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ જિલ્લાના જેતપુર, ધોરાજી અને ઉપલેટા પંથકમાં આજે કુદરતી આફતના આંચકાઓ વચ્ચે તંત્રની સજ્જતા જોવા મળી છે. છેલ્લા ૧૨ કલાકના ગાળામાં આ પંથકમાં ભૂકંપના કુલ ૬ આંચકા અનુભવાયા છે, જેને પગલે વહીવટી તંત્ર અને સરકાર એક્શન મોડમાં આવી ગયા છે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ (ISR) ના અહેવાલ મુજબ, વહેલી સવારે ૩.૮ ની તીવ્રતાનો આંચકો ઉપલેટાથી ૨૮ કિમી દૂર નોંધાયો હતો. ગુરુવારે રાત્રે ૮:૪૪ વાગ્યે ૩.૩ ની તીવ્રતાના પ્રથમ આંચકા બાદ, શુક્રવારે વહેલી સવારે ૬:૧૯, ૬:૫૮ અને ૭:૦૧ વાગ્યે શ્રેણીબદ્ધ આંચકા અનુભવાયા હતા. આ કુદરતી હિલચાલને કારણે જેતપુર, જેતલસર, પેઢલા, સરધારપુર અને નાની-મોટી પરબડી જેવા વિસ્તારોમાં લોકો સુરક્ષા માટે ઘરોની બહાર નીકળી આવ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક અસરથી પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી અને સ્થાનિક વહીવટી તંત્રને સજ્જ રહેવા આદેશો જારી કર્યા હતા. શ્રદ્ધાળુઓ અને વિદ્યાર્થીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપી શાળાઓમાં શૈક્ષણિક કાર્ય સ્થગિત કરવામાં આવ્યું છે. હકારાત્મક પાસું એ છે કે, આટલા આંચકા છતાં અત્યાર સુધી ક્યાંય પણ જાન-માલના નુકસાનના કે મકાનોમાં તિરાડ પડવાના અહેવાલ પ્રાપ્ત થયા નથી. રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને આશ્વસ્ત કરવામાં આવ્યા છે કે ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમો કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સક્ષમ છે. મુખ્યમંત્રીશ્રીના કાર્યાલય દ્વારા સીધું જ જિલ્લા તંત્ર સાથે સંકલન સાધવામાં આવી રહ્યું છે. સ્થાનિક નેતાઓ પણ ગ્રામીણ વિસ્તારોમાં જઈને લોકો સાથે સંવાદ કરી રહ્યા છે અને અફવાઓ રોકવા માટે પ્રયત્નશીલ છે. સરકારની આ ત્વરિત અને સંવેદનશીલ કામગીરીએ લોકોમાં સુરક્ષાની ભાવના પ્રબળ કરી છે. હાલમાં સિસ્મોલોજીકલ ટીમો દ્વારા પંથકની ફોલ્ટ લાઇન્સનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે જેથી ભવિષ્યની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**રાજકોટના ઉપલેટા-ધોરાજીમાં ૩.૮ની તીવ્રતાના ભૂકંપના ૬ આંચકા. લોકો ઘરની બહાર દોડ્યા, તંત્ર સતર્ક.**

# કપડવંજ ટાઉન પોલીસે દહેગામના નાસતા ફરતા આરોપીને ઝડપ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** પોલીસના નાક નીચેથી ભાગતા ગુનેગારો માટે હવે છૂટવું મુશ્કેલ બન્યું છે. જિલ્લા પોલીસ વડા વિજય પટેલ અને ડીવાયએસપી વી.એન.સોલંકીના માર્ગદર્શન હેઠળ કપડવંજ પોલીસની ટીમે બાતમીના આધારે સફળ ઓપરેશન પાર પાડ્યું છે. દહેગામનો કુખ્યાત આરોપી વસીમઅક્રમ ફરીદમીંયા કડીયા, જે લાંબા સમયથી પોલીસને થાપ આપી રહ્યો હતો, તેને ત્રિવેણી પાર્ક પાસે વાહન ચેકીંગ દરમિયાન ઝડપી લેવામાં આવ્યો છે. આ આરોપી પર BNS ની કલમ 109(1), 326(G), અને 191(2) જેવા ગંભીર આરોપો છે, જે તેની ગુનાહિત માનસિકતા સ્પષ્ટ કરે છે. કોમ્બીંગ નાઈટમાં જ્યારે આખું શહેર ઊંઘતું હતું ત્યારે ઈન્સ્પેક્ટર જનકસિંહ દેવડાની ટીમે સતર્ક રહી આ સફળતા મેળવી છે. પોલીસ ટીમમાં હેમંતકુમાર, વનરાજસિંહ અને અન્ય જવાનોએ મહત્વની ભૂમિકા ભજવી છે. જોકે, સવાલ એ પણ છે કે આવા રીઢા આરોપીઓ આટલો સમય પોલીસ પકડથી બહાર કેવી રીતે રહ્યા? હાલમાં આરોપી સામે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા મુજબ કાર્યવાહી કરી દહેગામ પોલીસને સોંપવાની તજવીજ શરૂ કરાઈ છે.

**રિપોર્ટ : પ્રકાશ વાઘેલા**



**દૈનિક પલ્સ સમાચાર: કપડવંજ પોલીસે કોમ્બીંગ નાઈટ દરમિયાન દહેગામના બે ગુનામાં નાસતા વસીમઅક્રમ કડીયાને દબોચી લીધો.**

# નડીયાદ રૂરલ પોલીસનો સપાટો: પુત્રના હત્યારા પિતાની ધરપકડ

**દૈનિક પલ્સ સમાચાર**: ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસ સતત દોડી રહી છે, પરંતુ જ્યારે ઘરની ચાર દીવાલો વચ્ચે જ હિંસાનો ખેલ ખેલાય ત્યારે પોલીસ માટે પણ તપાસ પડકારજનક બની જાય છે. નડીયાદ રૂરલ પોલીસ સ્ટેશનના મોકમપુરા ગામે ૨૮ વર્ષીય કમલેશ પ્રતાપસિંહ ચૌહાણની જે હત્યા થઈ, તેનો ભેદ ઉકેલતા પોલીસે તેના પિતા પ્રતાપસિંહ ચંદુભાઈ ચૌહાણની ધરપકડ કરી છે. આ ઘટનાએ સાબિત કર્યું છે કે કળિયુગમાં કોઈ પણ સંબંધ સુરક્ષિત નથી.

ઘટનાની વિગતો મુજબ, કમલેશનો મૃતદેહ મળતા પોલીસે બી.એન.એસ.એસ. કલમ ૧૯૪ હેઠળ માત્ર અકસ્માત મોત નોંધી તપાસ શરૂ કરી હતી. પરંતુ અમદાવાદ રેન્જ આઈ.જી.પી. અને એસપી વિજય પટેલના કડક માર્ગદર્શન હેઠળ પી.આઈ. જે.એચ. વાઘેલાની ટીમે ટેકનિકલ અને માનવીય પાસાઓ પર તપાસ કરતા હત્યાની ગંધ આવી હતી. પિતાની ઉલટતપાસમાં અનેક



વિસંગતતાઓ જોવા મળી હતી, જેના અંતે પિતાએ જ પુત્રને મોતને ઘાટ ઉતાર્યો હોવાનું સ્વીકાર્યું હતું. પોલીસે આરોપી પિતા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૦૩(૧) મુજબ હત્યાનો ગુનો નોંધી જેલભેગો કર્યો છે. આ કામગીરીમાં એ.એસ.આઈ. રમેશભાઇ, હેડ કોન્સ્ટેબલ મુકેશભાઇ, દિગ્વીજયસિંહ અને અન્ય જવાનોએ મહત્વની ભૂમિકા ભજવી હતી. ભલે પોલીસે ગણતરીના કલાકોમાં આ વણશોધાયેલ ગુનાનો પર્દાફાશ કર્યો હોય, પરંતુ સમાજમાં વધતી જતી આક્રમકતા અને પારિવારિક કંકાસના ભયાનક અંતે સૌને વિચારતા કરી દીધા છે. એક ૨૮ વર્ષીય યુવાનના આ રીતે થયેલા કરુણ અંતથી મોકમપુરા ગામ શોકમગ્ન છે અને આરોપી પિતા પ્રત્યે લોકોમાં ભારે ધિક્કારની લાગણી જોવા મળી રહી છે.

# અંબાજી શક્તિપીઠની નવી પહેલ: ઓનલાઈન મળશે માતાજીનો પ્રસાદ

## અંબાજી મંદિર: હવે ઘરે બેઠા મળશે 'અંબાજી પ્રસાદમ' કીટ




**દૈનિક પલ્સ સમાચાર:** મા અંબાના ભક્તો માટે અત્યંત આનંદના સમાચાર સામે આવ્યા છે. અંબાજી શક્તિપીઠ ખાતે વર્ષે લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે, પરંતુ હવે ટેકનોલોજીના માધ્યમથી માતાજીનો પ્રસાદ સાત સમુદ્ર પાર પણ પહોંચશે. અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા 'અંબાજી પ્રસાદમ' નામથી ખાસ પ્રસાદ કીટ લોન્ચ કરવામાં આવી છે. મંદિરના વહીવટદાર શ્રી કૌશિક મોદીએ આ વિશેષ ઓનલાઇન પોર્ટલનું ઉદઘાટન કર્યું છે.

આ કીટની વિશેષતા એ છે કે તેમાં મોહનથાળથી લઈને રક્ષાપોટલી સુધીની તમામ પવિત્ર ચીજોને સુરક્ષિત રીતે પેક કરવામાં આવી છે. ભક્તો www.ambajitemple.in વેબસાઈટ પર જઈને ગમે ત્યારે આ કીટ બુક કરાવી શકશે. મહત્વની વાત એ છે કે, આ સેવાને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે મંદિર ટ્રસ્ટે 'ભારતીય પોસ્ટ વિભાગ' સાથે હાથ મિલાવ્યા છે. પોસ્ટ વિભાગના વિશાળ નેટવર્કનો ઉપયોગ કરીને પ્રસાદ ભક્તોના ઉંબરે પહોંચાડવામાં આવશે. અધિક કલેક્ટર શ્રી મોદીએ જણાવ્યું કે, વિદેશમાં વસતા ગુજરાતીઓ અને અન્ય રાજ્યોના ભક્તોની સતત માંગને ધ્યાને રાખી આ ડિજિટલ કદમ ઉઠાવવામાં આવ્યું છે. આ પહેલથી અંબાજી મંદિર ટ્રસ્ટ ધર્મ, આધ્યાત્મિકતા અને લોકસેવા ક્ષેત્રે એક નવો કીર્તિમાન સ્થાપિત કરશે. **રિપોર્ટ : ભાવેશ રાઠોડ**

# ખોખરામાં બુટલેગર મનિષ ઓડ PASA હેઠળ જેલ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદમાં નશાના કાળા કારોબારમાં સંડોવાયેલા તત્વો સામે ખોખરા પોલીસે કડક વલણ અપનાવ્યું છે. ખોખરામાં ઇશ્વર ભુવાજીની ચાલીમાં રહેતા અને પ્રોહિબિશનના ગુનાઓમાં સંડોવાયેલા મનિષભાઈ ઓમપ્રકાશ ઓડ નામના બુટલેગરને પોલીસે પાસા (PASA) હેઠળ રાજકોટ જેલ મોકલી આપ્યો છે.

શહેર પોલીસ કમિશનર અને ઝોન-૫ ના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ, ખોખરા પી.આઈ. બી.પી. સાવલીયાએ આ આરોપી વિરુદ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરી હતી. પોલીસની આ દરખાસ્તને મંજૂરી મળતા હુકમ નંબર PCB/DTN/PASA/34/2026 અન્વયે કાર્યવાહી હાથ ધરાઈ હતી. ગઈકાલે મોડી રાત્રે ખોખરા પોલીસે હુકમની બજવણી કરી આરોપી મનિષ ઓડને કડક પોલીસ જાપ્તા હેઠળ રાજકોટ મધ્યસ્થ જેલ રવાના કર્યો છે. આવા અસામાજિક તત્વોને કારણે ભાઇપુરા અને ખોખરા જેવા વિસ્તારોમાં શાંતિ ભંગ થતી હોવાની ફરિયાદો ઉઠી હતી. આ કાર્યવાહીથી વિસ્તારના અન્ય ગુનેગારોમાં પણ ફફડાટ વ્યાપ્યો છે, પરંતુ સવાલ એ છે કે આવા તત્વો જેલમાંથી છૂટીને ફરી આ જ પ્રવૃત્તિઓ શરૂ કરશે કે કેમ? **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



# નવસારીના વાંસદામાં ગેંગરેપ: ૮ આરોપીઓની ધરપકડ, પંથકમાં રોષ

**દૈનિક પલ્સ સમાચાર:** નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાંથી એક કાળજું કંપી જાય તેવી ગેંગરેપની ઘટના બહાર આવતા ભારે હાહાકાર મચી ગયો છે. ૧૭ વર્ષીય સગીરા પર ૮ નરાધમોએ આચરેલા સામૂહિક દુષ્કર્મે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે પ્રશ્નાર્થ ચિન્હ મૂકી દીધું છે. બુધવારે રાત્રે આશરે ૧૦:૩૦ કલાકે જ્યારે સગીરા શૌચાલય માટે ઘરની બહાર નીકળી હતી, ત્યારે તકની રાહ જોઈને બેઠેલા ત્રણ શખ્સોએ તેનું મોઢું દબાવી, બળજબરીથી બાઇક પર બેસાડી તેનું અપહરણ કર્યું હતું.

આ નરાધમો તેને ચેકડેમ પાસે પાણીની ટાંકી નજીક આવેલા એક અવાવરુ રૂમમાં લઈ ગયા હતા. ત્યાં તેમણે અન્ય પાંચ સાગરીતોને ફોન કરીને બોલાવ્યા હતા. આઠેય શખ્સોએ સગીરાને મારી નાખવાની ધમકી આપી વારાફરતી તેની પર દુષ્કર્મ આચર્યું હતું. પીડિતાની માતાએ હિંમત હાર્યા વગર વાંસદા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

પોલીસે આ મામલે રજિસ્ટર થયેલા પોક્સો (POCSO) એક્ટ હેઠળ ગણતરીના કલાકોમાં જ તપાસ કરી આઠેય આરોપીઓની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં નિખિલ, પિયુષ, સાહિલ, રવિન્દ્ર, આકાશ, રાહુલ અને એક અન્ય સગીરનો સમાવેશ થાય છે. આ આઠ નરાધમોએ સગીરાની જિંદગી બરબાદ કરી નાખી છે. હાલમાં પોલીસે તમામ આરોપીઓને રિમાન્ડ પર લેવાની તજવીજ હાથ ધરી છે. આ ઘટનાને પગલે વાંસદા પંથકમાં ભારોભાર આક્રોશ ફાટી નીકળ્યો છે. જનતાની માંગ છે કે આવા વિકૃત માનસ ધરાવતા શખ્સોને સમાજમાં કોઈ સ્થાન ન હોવું જોઈએ અને તેમને ફાંસી જેવી કડક સજા થવી જોઈએ. દૈનિક પલ્સ સમાચાર આ પીડિતાને ન્યાય મળે તે માટે તંત્ર પર દબાણ બનાવી રાખશે. **રિપોર્ટ : ભરતભાઈ દેસાઈ**



**નવસારીના વાંસદામાં માનવતા શર્મસાર થઈ છે. શૌચક્રિયા માટે નીકળેલી ૧૭ વર્ષીય સગીરાનું અપહરણ કરી ૮ નરાધમોએ સામૂહિક દુષ્કર્મ આચર્યું છે. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી નિખિલ, સાહિલ સહિતના તમામ ૮ આરોપીઓને દબોચી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.**

# રાજકોટ જુનિયર બાર એસોસિએશન ૨૦૨૬ની નવી ટીમની જાહેરાત

દૈનિક પલ્સ સમાચાર: રાજકોટના વકીલ મંડળમાં વર્ષોથી અનોખું સ્થાન ધરાવતા 'જુનિયર બાર એસોસિએશન-૨૦૨૬' ના નવા સંગઠનની જાહેરાત તાજેતરમાં રાજકોટના નૂતન કોર્ટ બિલ્ડિંગ ખાતે હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી. આ નવી ટીમમાં મહિલા શક્તિને પ્રાધાન્ય આપતા એડવોકેટ સજ્જનબા પરમારની મહિલા ટ્રેઝરર તરીકે વરણી કરવામાં આવી છે. એડવોકેટ ગિરિરાજસિંહ રાઠોડે આ સંગઠનના ફાઉન્ડર તરીકેની મહત્વની જવાબદારી સંભાળી છે.

આ સંગઠનનો ઈતિહાસ અત્યંત ગૌરવશાળી રહ્યો છે. આશરે ૨૦ વર્ષ પહેલાં ભૂતપૂર્વ સરકારી વકીલ સ્વ. શ્રી બળવંતસિંહ રાઠોડ દ્વારા આ સંગઠનનો પાયો નખાયો હતો. સ્વ. રાઠોડ સાહેબ માત્ર કાયદાના નિષ્ણાત જ નહીં, પરંતુ એ.જી. ચોક સ્થિત સુપ્રસિદ્ધ હનુમાનજી મંદિરના સ્થાપક અને પરમ ભક્ત પણ હતા. નવી ટીમ વકીલોના કાયદાકીય પ્રશ્નો અને વ્યવસાયિક અડચણોને દૂર કરવા કટિબદ્ધ છે. એડવોકેટ સજ્જનબા પરમારની પસંદગીથી મહિલા એડવોકેટ્સના પ્રશ્નોને વધુ બળ મળશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**





'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'

# ભરતનગર પોલીસનો સપાટો: ૫૪ હજારના ચોરાઉ મોબાઈલ સાથે ગણેશ ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગર શહેરમાં મિલકત સંબંધી ગુનાઓનો આંકડો સતત વધી રહ્યો છે, જેને ડામવા માટે રેન્જ આઈજીપી ગૌતમ પરમાર અને એસપી નિતેશ પાંડેએ કડક સૂચના આપી છે. આ કડીમાં ભરતનગર પોલીસે એક તસ્કરને ઝડપી પાડી ૫૪ હજારનો મુદ્દામાલ રિકવર કર્યો છે, પરંતુ આ ઘટનાએ શહેરી સુરક્ષાના અનેક પાસાઓ પર સવાલો ઉભા કર્યા છે.

૯ જાન્યુઆરીના રોજ પેટ્રોલિંગ દરમિયાન સર્વેલન્સ સ્ટાફને તળાજા જકાતનાકા પાસે કામનીયાનગરના નાકે એક ઈસમ શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો.

તપાસ કરતા ગણેશ રમેશભાઈ ઝાપડીયા (રહે. કસ્તુરબા સોસાયટી) પાસે કોઈ પણ બિલ વગરના ૩ કિંમતી મોબાઈલ મળી આવ્યા હતા. સઘન પૂછપરછમાં તેણે હકીકત ઓકી દીધી કે તેણે ૭ જાન્યુઆરીએ વહેલી સવારે એક મકાનમાં ઘૂસી આ ચોરી કરી હતી. પોલીસે ૧૬,૦૦૦ અને ૨૫,૦૦૦ની કિંમતના બે ઓપો મોબાઈલ અને ૧૩,૦૦૦ની કિંમતનો રીયલમી મોબાઈલ કબજે કર્યો છે.

આ કામગીરીમાં પી.આઈ. એન.એચ. કુરેશી સાથે એ.એસ.આઈ. એચ.બી. સોઢાતર, રાહુલભાઈ કંટારીયા અને હરદિપસિંહ ગોહિલ જેવા સભ્યો જોડાયા હતા. જોકે, સવાલ એ છે કે રહેણાંક વિસ્તારોમાં આ રીતે વહેલી સવારે મકાનોના તાળા તૂટે કે મકાનોમાં પ્રવેશ થાય ત્યાં સુધી પોલીસની રાત્રિ પેટ્રોલિંગ વેન ક્યાં હોય છે? એકલ-દોકલ ચોરને પકડવો એ પોલીસની સફળતા છે, પરંતુ ચોરીની આ માનસિકતા અને સક્રિય ગેંગોને જડમૂળથી ઉખેડી ફેંકવી એ જનતાની અપેક્ષા છે. હાલ તો પોલીસે આરોપીને રિમાન્ડ પર લેવાની તજવીજ હાથ ધરી છે જેથી અન્ય વણશોધાયેલા ગુનાઓ પણ બહાર આવી શકે. ભાવનગરની જનતા હવે તસ્કરોથી કંટાળી ચૂકી છે અને પોલીસ પાસે વધુ આક્રમક સુરક્ષાની માંગ કરી રહી છે.

**રિપોર્ટ : ઝીશાન ખૂંટ**



**ભાવનગરના ભરતનગર વિસ્તારમાં ઘરફોડ ચોરી કરનારા તત્વો બેફામ બન્યા છે. પોલીસે તળાજા જકાતનાકા પાસેથી ગણેશ ઝાપડીયા નામના શખ્સને ૩ ચોરાઉ મોબાઈલ સાથે દબોચી લીધો છે. કિંમતી મોબાઈલ સેરવી લેતી આ તસ્કર ગેંગ સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી**

# ઓઢવ પોલીસનો સપાટો: રિક્ષામાં પેસેન્જરને લૂંટતી ટોળકી જેલભેગી

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના પૂર્વ વિસ્તારમાં રિક્ષામાં બેસતા પેસેન્જરો સાવધાન! ઓઢવ પોલીસ સ્ટેશનના હાથે એક એવી ગેંગ ઝડપાઈ છે જે રિક્ષા ચલાવવાના બહાને લોકોના ખિસ્સા હળવા કરતી હતી. પોલીસ કમિશનરની કડક સૂચના બાદ ઓઢવ સર્વેલન્સ સ્કોડના PSI ડી.આઈ. પટેલ અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ હિતેશભાઈ અને આલાભાઈને મળેલી સચોટ બાતમીના આધારે સોનીની ચાલી બ્રિજ નીચેથી આ ગેંગના ૪ સભ્યોને ઝડપી પાડવામાં આવ્યા હતા.

પકડાયેલ આરોપીઓમાં વટવા અને સરખેજ વિસ્તારના હુસેન અખ્તર શેખ, નૂર મહંમદ ઉર્ફે માજીદ, ફિરોજખાન ઉર્ફે કાણો અને હનીફ શેખનો સમાવેશ થાય છે. આ રીઢા ગુનેગારોની મોડસ ઓપરેન્ડી અત્યંત ઘાતક હતી. તેઓ રેકી કરીને પેસેન્જરને રિક્ષામાં બેસાડતા અને વચ્ચેના પેસેન્જરને ધક્કો મારવાના બહાને નજર ચૂકવી ખિસ્સા કાપી લેતા હતા. તાજેતરમાં જ તેમણે જય કેમિકલની ગલી પાસે એક મુસાફરને ટાર્ગેટ બનાવી ૨૫,૦૦૦ રૂપિયા ચોરી લીધા હતા. પોલીસે કુલ ૮૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. શહેરમાં રીક્ષા ગેંગનો વધતો વ્યાપ પોલીસ તંત્ર માટે પણ પડકાર સમાન છે. નિર્દોષ નાગરિકોની કચેરાતી મહેનતની કમાણી સેરવી લેતા આવા તત્વો સામે માત્ર જેલ નહીં પણ કડકમાં કડક સજા થવી જોઈએ. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**




# પાલીતાણા: શેત્રુંજય ડુંગર પર પ્લાસ્ટિક ફેંકવા પર પ્રતિબંધ

**દૈનિક પલ્સ સમાચાર:** યાત્રાધામ પાલીતાણામાં શેત્રુંજય પર્વતની આસપાસ સર્જાયેલી પ્લાસ્ટિકની ભયાનક સ્થિતિએ પર્યાવરણવિદો અને તંત્રની ઉંઘ ઉડાડી દીધી છે. પવિત્ર યાત્રાધામ હોવા છતાં, અહીં આવતા પ્રવાસીઓની બેદરકારીને કારણે પવિત્ર પર્વત પ્લાસ્ટિકના ઢગલામાં ફેરવાઈ રહ્યો છે. આ ગંભીર ખતરાને ધ્યાને રાખી ભાવનગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા એક આકરો નિર્ણય લેવામાં આવ્યો છે, જેની અમલવારી આજથી જ શરૂ કરી દેવાઈ છે.




સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ પાલીતાણાની દરખાસ્ત પર મહોર મારતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩(૧) મુજબ જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. આ મુજબ, પાલીતાણા હાઇસ્કુલથી તળેટી રોડ અને સમગ્ર શેત્રુંજય ડુંગરની આસપાસના ૫૦૦ મીટરના ત્રિજ્યામાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ સંપૂર્ણ વર્જિત છે. જો કોઈ પણ વ્યક્તિ આ વિસ્તારમાં પ્લાસ્ટિકનો કચરો ફેંકતા પકડાશે, તો તેને સહેજ પણ બક્ષવામાં આવશે નહીં. આ જાહેરનામું ૬૦ દિવસ માટે એટલે કે ૯ માર્ચ ૨૦૨૬ સુધી કડક રીતે અમલમાં રહેશે. કાયદાનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે. જમીન, પાણી અને જૈવ-વિવિધતાને થતા ગંભીર નુકસાનને અટકાવવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીઓ અને નગરપાલિકાના ચીફ ઓફિસરને કાર્યવાહી કરવા અધિકૃત કરાયા છે. પ્લાસ્ટિકના કારણે પર્યાવરણનું પ્રદૂષણ એટલી હદે વધી ગયું છે કે જો અત્યારે કડક પગલાં ન લેવાય તો આવનારા સમયમાં ગિરિરાજની પવિત્રતા અને વન્ય જીવોનું અસ્તિત્વ જોખમાઈ શકે છે. આ જાહેરાત બાદ પાલીતાણામાં હવે પ્લાસ્ટિક માફિયાઓ અને બેદરકાર પ્રવાસીઓ સામે સકંજો કસાશે તે નક્કી છે. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**

# CM ભૂપેન્દ્ર પટેલની માનવીય પહેલ: કુષ્ઠરોગીઓ સાથે કર્યો સંવાદ

## CM ભૂપેન્દ્ર પટેલે હિંમતનગરમાં કુષ્ઠરોગીઓની મુલાકાત લીધી

**દૈનિક પલ્સ સમાચાર:** હિંમતનગરની પવિત્ર ભૂમિ પર આજે સેવાના સાક્ષાત્કારના દ્રશ્યો જોવા મળ્યા હતા, જ્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ'ની વિશેષ મુલાકાત લીધી હતી. આ મુલાકાત માત્ર એક વહીવટી પ્રક્રિયા નહોતી, પરંતુ તે માનવીય સંવેદના અને સેવાના મૂલ્યોની પુનઃસ્થાપનાનો એક પ્રયાસ હતો. મુખ્યમંત્રીશ્રીએ અત્યંત સાદગીપૂર્વક કુષ્ઠરોગથી પીડિત દર્દીઓની વચ્ચે જઈ, તેમને મળી રહેલી સુવિધાઓ વિશે પૃચ્છા કરી હતી અને શાસક નહીં પણ એક પરિજન તરીકે તેમની પીડા સમજી હતી.

સંસ્થાના સ્થાપક પદ્મશ્રી સુરેશભાઈ સોનીએ મુખ્યમંત્રીને સંસ્થાના ઇતિહાસ અને દાયકાઓથી ચાલી રહેલા સેવાકાર્યોથી માહિતગાર કર્યા હતા. મુખ્યમંત્રીએ નોંધ્યું કે કેવી રીતે આ સંસ્થા કુષ્ઠરોગીઓને માત્ર દવા જ નહીં પરંતુ આત્મવિશ્વાસ અને સન્માન પણ પૂરા પાડે છે. મુખ્યમંત્રીશ્રીએ સુરેશભાઈ સોનીના જીવન સમર્પણની મુક્ત કંઠે પ્રશંસા કરતા કહ્યું હતું કે, સાચો ધર્મ પીડિતોની સેવામાં છે. તેમણે કુષ્ઠરોગીઓના આર્થિક અને સામાજિક પુનઃવસન માટે સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓની ઝીણવટભરી વિગતો મેળવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીએ સરકાર તરફથી સંસ્થાને તમામ જરૂરી સહયોગ આપવાની ખાતરી ઉચ્ચારી હતી. મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીની સાથે સ્થાનિક અગ્રણીઓ અને વહીવટી અધિકારીઓ પણ જોડાયા હતા. રાજ્યના વડા જ્યારે સ્વયં કુષ્ઠરોગીઓ સાથે સંવાદ કરે છે, ત્યારે સમાજમાં ફેલાયેલી આ રોગ અંગેની ગેરમાન્યતાઓ દૂર કરવામાં મોટો સંદેશ જાય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આ મુલાકાતે 'સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ' ના સેવાના યજ્ઞમાં નવી ઉર્જા પૂરવાનું કાર્ય કર્યું છે.



**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હિંમતનગરમાં કુષ્ઠરોગીઓની મુલાકાત લઈ પદ્મશ્રી સુરેશભાઈ સોનીની સેવાને બિરદાવી.**
**રિપોર્ટ. સોમાજી ચૌહાણ**

# ખેડા જિલ્લા ભાજપ સોમનાથ સ્પેશિયલ ટ્રેન

## ખેડા જિલ્લા ભાજપની સ્પેશિયલ ટ્રેન સોમનાથ રવાના, નયનાબેન પટેલ

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડા જિલ્લામાં આજે ભક્તિ અને રાષ્ટ્રવાદનો અદભુત સંગમ જોવા મળ્યો હતો. 'સોમનાથ સ્વાભિમાન પર્વ' અને સોમનાથ મંદિરની અતૂટ આસ્થાના ૧૦૦૦ વર્ષ નિમિત્તે ખેડા જિલ્લા ભાજપ દ્વારા એક ઐતિહાસિક પહેલ કરવામાં આવી છે. જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રીમતી નયનાબેન પટેલની અધ્યક્ષતામાં નડિયાદ રેલવે સ્ટેશનથી વેરાવળ માટે એક સ્પેશિયલ ટ્રેન રવાના કરવામાં આવી હતી.

આ વિશેષ ટ્રેનમાં ખેડા જિલ્લાના નાગરિકો મોટી સંખ્યામાં સોમનાથ મહાદેવના દર્શનાર્થે જોડાયા છે. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, વરિષ્ઠ ધારાસભ્ય શ્રી પંકજભાઈ દેસાઈ, ધારાસભ્ય શ્રી કલ્પેશભાઈ પરમાર સહિતના પક્ષના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રવાસ દ્વારા છેવાડાના માનવીને પવિત્ર જ્યોતિર્લિંગના દર્શનનો લાભ મળશે. ભાજપ પરિવાર દ્વારા નાગરિકોની સુવિધા માટે કરવામાં આવેલા આ સુંદર આયોજનની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે. ભગવા ધ્વજ અને મહાદેવના નાદ સાથે ગુંજી ઉઠેલા રેલવે સ્ટેશન પરથી શ્રદ્ધાળુઓએ હર્ષોલ્લાસ સાથે પ્રસ્થાન કર્યું હતું. **રિપોર્ટ : હસમુખ નાયક**



# ગળતેશ્વર મહાદેવ: નયનાબેન પટેલ અને ધારાસભ્યની હાજરીમાં શિવપૂજન

